# આણંદ કૃષિ યુનિવર્સિટીની એગ્રીયુનિફેસ્ટ ૨૦૧૯-૨૦ માં સિધ્ધિ

૨૦મા ઓલ ઇન્ડિયા ઇન્ટર એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઝ યુથ ફેસ્ટીવલ- 'એગ્રીયુનિફેસ્ટ ૨૦૧૯-૨૦' નું આયોજન ઇન્દિરા ગાંધી કૃષિ વિશ્વવિધાલય , રાયપુર , છત્તીસગઢ ખાતે તા.૦૮-૧૨/૦૨/૨૦૨૦ દરમ્યાન થયેલ. દેશભરની કુલ ૭૨ કૃષિ યુનિવર્સિટીઓએ તેમાં ભાગ લીધેલ. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વિધાર્થીઓએ ડૉ. દિનેશ એચ. પટેલ , નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણના સીધા માર્ગદર્શન હેઠળ નાટક , સ્કીટ, માઇમ, મોનો એક્ટીંગ, લાઇટ વોકલ (ઇન્ડીયન), ફોક ડાન્સ, ડીબેટ, એક્સટેમપોર, ક્વીઝ, ઇલોક્યુશન, ઓન ધ સ્પોટ પેન્ટીંગ , કોલાજ, પોસ્ટર મેકીંગ , ક્લે મોડેલીંગ, કાર્ટુનીંગ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીએ ડીબેટ અને કોલાજ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ , એક્સટેમપોર અને ક્લે મોડેલીંગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ અને સાહિત્યિક સ્પર્ધાઓમાં ઓવરઓલ રનર-અપ થયેલ. આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસ તેમજ નિયામકશ્રી , વિધાર્થી કલ્યાણ , ડૉ. દિનેશ એચ. પટેલે તમામ સ્પર્ધકોને વિજેતા થવા બદલ અભિનંદન પાઠવેલ.












